# ઇતિહાસ રચનાર મેરેથોન દોડવીર કેલ્વિન કિપ્ટમનું કેન્યામાં કાર અકસ્માતમાં મોત

**કેલ્વિન** અને તેના કોચ ગેરવાઇસ હકીઝિમાના કપાટાગાટાથી આવી રહ્યા હતા ત્યારે કાર ઝાડ સાથે અથડાઇને ખાઇમાં ખાબકી

**કેલ્વિન** અને તેના કોચનું ઘટનાસ્થળે જ મોત થયું, કારમાં સવાર અન્ય મહિલા મુસાફરને ગંભીર હાલમાં હોસ્પિટલ લઇ જવાઇ



નૈરોબી, તા. 12 (એપી) : પેરિસ ઓલિમ્પિક્સમાં ગોલ્ડના પ્રબળ દાવેદાર અને વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર કેન્યાના મેરેથોન દોડવીર કેલ્વિન કિપ્ટમનું પશ્ચિમ કેન્યામાં એક કાર અકસ્માતમાં દુઃખદ અવસાન થયું છે. 24 વર્ષીય એથ્લેટ અને તેના કોચ, રવાન્ડાના ગેરવાઇસ હકીઝિમાના રવિવારે રાત્રે કપાટાગાટાથી એલ્ડોરેટ તરફ મુસાફરી કરતા હતા ત્યારે તેમની કાર પલટી ખાઇ જતાં બંનેના મૃત્યુ થયા હતા.

કેલ્વિન જ રવિવારે મોડી રાત્રે કારને ડ્રાઇવ કરી રહ્યો હતો અને તે રોડ પરથી નીચે સરકીને એક ઝાડ સાથે ભટકાયા પછી ખાઇમાં ખાબકી હતી. કારમાં ત્રણ લોકો સવાર હતા, જેમાંથી કેલ્વિન અને તેના કોચ બેના મોત થયા હતા અને મહિલા મુસાફરને ગંભીર ઇજા થઇ હતી. તેને હોસ્પિટલમાં લઇ જવામાં આવી છે. પોલીસ કમાન્ડર પીટર મુલિન્ગેએ પુષ્ટિ કરી હતી કે અકસ્માત એલ્ગેયો મારકવેટ કાઉન્ટીમાં થયો હતો.

એથ્લેટ્સ તેમજ કિપ્ટમના પિતા સહિત પરિવારના સભ્યો હોસ્પિટલના શબઘરમાં ભેગા થયા હતા જ્યાં કિપ્ટમ અને તેના કોચના મૃતદેહ મૂકાયા હતા. એથ્લેટ્સમાંથી એક, માજી મહિલા સ્ટીપલચેઝ વર્લ્ડ ચેમ્પિયન મિલ્કાહ કેમોસ આંખમા અશ્રુઓ સાથે ભગ્ન હૃદયે કહ્યું હતું કે કેલ્વિનની ખોટ સમજાવવા માટે મારી પાસે કોઇ શબ્દો નથી. કિપ્ટમના મિત્ર કેનેથ કિમાયોએ જણાવ્યું હતું કે તે ઘટના બન્યા પછી તરત જ તે ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને કિપ્ટમને કારમાંથી બહાર કાઢી લેવાયો હતો.

## વર્લ્ડ એથ્લેટિક્સના પ્રમુખ સેબેસ્ટિયન કોએ કેલ્વિન અને કોચ ગેરવાઇસના નિધન અંગે દિલસોજી પાઠવી


વર્લ્ડ એથ્લેટિક્સના પ્રમુખ સેબેસ્ટિયન કોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે કેલ્વિન કિપ્ટમ અને તેના કોચ ગેરવાઇસ હકીઝિમાનાના નિધન વિશે જાણીને અમે આઘાત અને ઊંડા દુઃખમાં છીએ. કોએ એક્સ પરની પોસ્ટમાં લખ્યું હતું કે તમામ વિશ્વ એથ્લેટિક્સ વતી અમે તેમના પરિવારો, મિત્રો, સાથી ખેલાડીઓ અને કેન્યાના રાષ્ટ્ર પ્રત્યે અમારી ઊંડી સંવેદના મોકલીએ છીએ. આ અઠવાડિયાની શરૂઆતમાં જ શિકાગોમાં, જ્યાં કેલ્વિને તેનો અસાધારણ મેરેથોન વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો, હું તેના ઐતિહાસિક સમયને સત્તાવાર રીતે બહાલી આપવા સક્ષમ હતો. એક અતુલ્ય એથ્લેટ અકલ્પનીય વારસો છોડીને જાય છે, અમે તેને ખૂબ જ યાદ કરીશું.

## કેલ્વિન કિપ્ટમે શિકાગોમાં એલિયુડ કિપચોગેનો રેકોર્ડ તોડીને મેરેથોન વિશ્વમાં ખ્યાતિ પ્રાપ્ત કરી હતી

કિપ્ટમે એલિયુડ કિપચોગેના અગાઉના રેકોર્ડને પાછળ છોડી દઇને શિકાગોમાં 2:00:35નો નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપીને મેરેથોન વિશ્વમાં ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. વર્લ્ડ રેકોર્ડ બ્રેકિંગ સમયે, કિપ્ટમ માત્ર 23 વર્ષનો હતો અને તેણે માત્ર ત્રણ મેરેથોનમાં ભાગ લીધો હતો. તેણે 2022માં વેલેન્સિયામાં તેની પ્રથમ રેસ પણ જીતી અને તે પછીના વર્ષે લંડનમાં બીજી અદભૂત જીત મેળવી. કિપ્ટમ 14 એલિવ્રાના રોજ રોટરડેમમાં બે કલાકની અંદર સત્તાવાર મેરેથોન પૂર્ણ કરવાનો પ્રયાસ કરીને ઇતિહાસ રચવાની યોજના બનાવી હતી. તેના અસાધારણ પ્રદર્શનને તેને પેરિસ 2024 સમર ઓલિમ્પિક્સ માટે દાવેદાર બનાવ્યો હતો.

# કેએલ રાહુલ ત્રીજી ટેસ્ટમાંથી બહાર, પડ્ડીકલ તેનું સ્થાન લેશે

**કેએલ** રાહુલ પોતાની ઇજામાંથી સંપૂર્ણ સાજો ન થવાથી ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્રભાવક ફોર્મ ધરાવનારા પડ્ડીકલને સમાવાયો



રાજકોટ, તા. 12 (પીટીઆઇ) : સીનિયર ભારતીય બેટ્સમેન કેએલ રાહુલ તેની ઈજામાંથી સંપૂર્ણ રીતે સાજા થવામાં નિષ્ફળ જવાના કારણે તે સોમવારે ઇંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો. આ ઈજાને કારણે તે વિશાખાપટ્ટનમમાં બીજી ટેસ્ટમાં પણ રમી શક્યો નહોતો. તેનાથી એ સ્પષ્ટ થયું છે કે કર્ણાટકનો ડાબોડી બેટ્સમેન દેવદત્ત પડિકલ રાહુલની જગ્યાએ ટીમમાં સ્થાન લેશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના એક સીનિયર સૂત્રએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે રાહુલ હજુ સુધી રાજકોટ પહોંચ્યો નથી. સ્થાનિક ખેલાડી રવિન્દ્ર જાડેજા ટીમ સાથે જોડાયો છે. ટીમમાં તેનો સમાવેશ ફિટનેસ પર નિર્ભર હતો અને બીસીસીઆઈની મેડિકલ ટીમને હજુ પણ લાગતું નથી કે તે મેચ ફિટ છે. બીસીસીઆઈની મેડિકલ ટીમ તરફથી લીલી ઝંડી મળતાં જ પસંદગીકારોએ રાહુલ અને જાડેજાને ટીમમાં સામેલ કર્યા હતા.

તાજેતરની રણજી ટ્રોફી મેચમાં 23 વર્ષીય પડીક્કલે 151 રન બનાવ્યા હતા અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર સ્ટેન્ડ પરથી તેની ઈનિંગ્સ જોઈ હતી. પડિક્કલ આ ઘરેલુ સિઝનમાં શાનદાર ફોર્મમાં છે, તેણે પંજાબ સામે 193 રન અને ગોવા સામે પ્રથમ રણજી ટ્રોફી મેચમાં 103 રન બનાવ્યા હતા. રણજી ઉપરાંત, પડિક્કલે ઈંગ્લેન્ડ લાયન્સ સામે ઈન્ડિયા-એ માટે બે બિનસત્તાવાર ટેસ્ટની ત્રણ ઈનિંગ્સમાં 105, 65 અને 21 રન બનાવ્યા હતા.

## શું કેએલ રાહુલની ઇજાની સ્થિતિ વિશે બીસીસીઆઇની મેડિકલ ટીમે પણ સાચી માહિતી આપી નહોતી?

કેએલ રાહુલ માટે આટલો લાંબો વિરામ ગંભીર સવાલો ઉભા કરે છે કે શું સીનિયર ખેલાડીઓ અને બીસીસીઆઈની મેડિકલ ટીમ અમુક ખેલાડીઓની ઈજાની સ્થિતિ વિશે સાચી માહિતી આપી રહી છે કે નહીં. બીસીસીઆઈના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે જો બીસીસીઆઈની મેડિકલ ટીમ પહેલાથી જ જાણતી હતી કે રાહુલની જાંઘની ઈજા એટલી ગંભીર છે તો તેને સંભવિત ટીમમાં કેમ રાખવામાં આવ્યો. અને ખેલાડી પોતાની બેટિંગનો વીડિયો ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કરીને ખોટા સંકેતો પણ આપી રહ્યો છે. અન્ય એક વરિષ્ઠ ખેલાડી કે જેને તાજેતરમાં કહેવામાં આવ્યું હતું કે તેને ખરાબ ફોર્મના કારણે પડતો મૂકવામાં આવશે, તે કેટલીક એવી ઈજાનું બહાનુ કરીને ખસી ગયો, જેનો બોર્ડ સમક્ષ તેણે ઉલ્લેખ કર્યો ન હતો.

## રાજકોટમાં ભારતીય ટીમના ખેલાડીઓના નાસ્તા અને ભોજનમાં ગુજરાતી મેનુ

**નાસ્તામાં** ફાફડા-જલેબી, ખાખરા, ગાંઠીયા, થેપલા અને ખમણ તેમજ ભોજનમાં દહીં તિખારી, વઘારેલો રોટલો અને ખીચડી-કઢી

રાજકોટ, તા. 12 : ગુરુવારથી અહીં શરૂ થઇ રહેલી ત્રીજી ટેસ્ટ રમવા માટે ભારતીય ક્રિકેટ ટીમ રાજકોટ પહોંચી ગઇ છે. ભારતીય ટીમ માટે રાજકોટમાં સ્પેશિયલ ગુજરાતી મેનુ રાખવામાં આવ્યું હોવાના અહેવાલો છે. અહેવાલો અનુસાર, મેચ પહેલા 13 ફેબ્રુઆરીએ અર્થાત બુધવારે ક્રિકેટરો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ભારતીય ક્રિકેટર્સને નાસ્તામાં ફાફડા-જલેબી, ખાખરા, ગાંઠિયા, થેપલા અને ખમણ સહિત ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવશે. જ્યારે લંચ અને ડિનરમાં કાઠિયાવાડી ભોજન પીરસવામાં આવશે અને ડિનરમાં દહીં તિખારી, દહીં અને લસણ સાથે વઘારેલો બાજરીનો રોટલો તેમજ ખીચડી કઢીનો મેનુમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હોટેલ ડિરેક્ટરે કહ્યું કે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ કાઠિયાવાડી ફૂડને ખૂબ પસંદ કરે છે. વધુમાં, તેણે ઉલ્લેખ કર્યો કે કેએલ રાહુલ અને હાર્દિક પંડ્યા ખાસ કરીને ખીચડી-કઢીનો આનંદ માણે છે, અને જ્યારે મહેન્દ્ર સિંહ ધોની રાજકોટ આવતો હતો ત્યારે તેને પણ ખીચડી-કઢી પસંદ હતી.

## જાડેજા પ્લેઇંગ ઇલેવનમાં આવશે તો પસંદગી અંગે મૂંઝવણ સર્જાશે, કુલદીપ કે અક્ષરમાંથી કોણ બહાર બેસશે?

રાહુલ ત્રીજી અને સંભવતઃ ચોથી ટેસ્ટમાંથી બહાર થવાથી મિડલ ઓર્ડરમાં સરફરાઝ ખાન માટે દરવાજો ખોલી શકે છે કારણ કે શ્રેયસ અય્યરને પણ બહાર કરવામાં આવ્યો છે. જો જાડેજા પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મેળવે છે તો પસંદગી અંગે વધુ મૂંઝવણ સર્જાશે. અક્ષર પટેલે અત્યાર સુધીની બે ટેસ્ટમાં બેટિંગ અને બોલિંગ બંનેથી સારો દેખાવ કર્યો છે અને કુલદીપ યાદવ વિશાખાપટ્ટનમમાં જસપ્રિત બુમરાહ પાછળનો બીજો શ્રેષ્ઠ ભારતીય બોલર હતો. જ્યાં સુધી વિકેટકીપરની વાત છે, કેએસ ભરત માટે સમય પૂરો થઈ રહ્યો છે કારણ કે ધ્રુવ જુરેલ તેના વારાની રાહ જોઈ રહ્યો છે. પરંતુ ભરતને હજુ પણ રાજકોટમાં છેલ્લી તક મળી શકે છે.

# અબુધાબીમાં એક સપ્તાહ વિતાવ્યા બાદ ઇંગ્લેન્ડની ટીમ રાજકોટ પહોંચી

રાજકોટ, તા. 12 (પીટીઆઇ) : અબુ ધાબીમાં એક અઠવાડિયું વિતાવ્યા બાદ, ઇંગ્લેન્ડની ક્રિકેટ ટીમ ભારત સામેની પાંચ મેચોની ટેસ્ટ સીરિઝની બાકીની ત્રણ મેચો રમવા માટે સોમવારે અહીં આવી પહોંચી હતી. સિરીઝ હાલમાં 1-1 થી બરાબર છે. અહીં ત્રીજી ટેસ્ટ મેચ 15 ફેબ્રુઆરીથી અહીં રમાશે. વિશાખાપટ્ટનમમાં બીજી ટેસ્ટ મેચમાં 106 રને મળેલી હાર બાદ ઇંગ્લેન્ડના ખેલાડીઓ બીજી અને ત્રીજી ટેસ્ટ મેચ વચ્ચેના 10 દિવસના અંતરને કારણે એક સપ્તાહના આરામ માટે અબુ ધાબી ગયા હતા, જ્યાં તેમણે આરામ કરવા સિવાય ગોલ્ફ રમવામાં સમય વિતાવ્યો હતો. ઇંગ્લેન્ડની ટીમ મંગળવારે સવારે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરશે જ્યારે ભારતીય ખેલાડીઓ બપોરે પ્રેક્ટિસ સેશનમાં ભાગ લેશે. ઇંગ્લેન્ડે ઉપખંડમાં પ્રેક્ટિસ મેચ રમવાને બદલે ભારત સામેની ટેસ્ટ શ્રેણી માટે અબુ ધાબીમાં કન્ડિશનિંગ કેમ્પમાં ભાગ લીધો હતો. સીરિઝ પહેલા આયોજિત આ કેમ્પમાં ઇંગ્લેન્ડના ખેલાડીઓએ ભારતીય સ્પિનરોનો સામનો કરવા માટે સખત પ્રેક્ટિસ કરી હતી. ચોથી ટેસ્ટ મેચ રાંચીમાં અને પાંચમી મેચ ધર્મશાલામાં રમાશે.

# સુમિત નાગલ 23 ક્રમનો કુદકો મારી એટીપી સિંગલ્સ રેન્કિંગમાં ટોચના 100માં સામેલ

**ચેન્નાઇ** ઓપન ચેલેન્જરમાં ચેમ્પિયન બન્યા પછી સુમિત નાગલ નવા એટીપી સિંગલ્સ રેન્કિંગમાં 98માં ક્રમે પહોંચી ગયો

**2019માં** પ્રજ્ઞેશ ગુણેશ્વરને ટોપ 100માં એન્ટ્રી કર્યા પછી નાગલ તેમાં એન્ટ્રી કરનારો પ્રથમ ભારતીય ખેલાડી બન્યો



નવી દિલ્હી, તા. 12 (પીટીઆઇ) : ભારતના ટોચના સિંગલ્સ ખેલાડી સુમિત નાગલે સોમવારે તેની કારકિર્દીમાં પ્રથમ વખત એટીપી સિંગલ્સ રેન્કિંગમાં ટોચના 100માં પ્રવેશવા માટે 23 સ્થાનની છલાંગ લગાવી છે. ચેન્નાઈ ઓપન ચેલેન્જરમાં રવિવારની જીત સાથે, નાગલ તાજેતરની સિંગલ્સ રેન્કિંગમાં 98માં સ્થાને પહોંચી ગયો છે. સર્બિયન સ્ટાર નોવાક જોકોવિચ ટોચ પર છે.

ગયા મહિને, નાગલ ગ્રાન્ડ સ્લેમમાં ક્રમાંકિત ખેલાડીને હરાવનાર 35 વર્ષમાં પ્રથમ ભારતીય બન્યો હતો. તેણે પ્રથમ રાઉન્ડમાં વિશ્વના 27 નંબરના ખેલાડી કઝાકિસ્તાનના એલેક્ઝાંડર બુબ્લિકને હરાવીને અપસેટ સર્જ્યો હતો, જો કે, તે બીજા રાઉન્ડમાં ચીનના જુનચેંગ શાંગ સામે હારી ગયો હતો. ડાબોડી પ્રજ્ઞેશ ગુણેશ્વરન 2019માં ટોચના 100માં પ્રવેશ્યા પછી નાગલ ટોચના 100માં પ્રવેશ મેળવનાર પ્રથમ ભારતીય છે.

નાગલે રવિવારે ચેન્નાઈમાં જીત બાદ કહ્યું કે, હું ખૂબ જ ભાવુક છું. દરેક ટેનિસ ખેલાડીનું સપનું ઓછામાં ઓછું ટોપ 100 સુધી પહોંચવાનું હોય છે. મેં અગાઉ કહ્યું તેમ ઘરઆંગણાના દર્શકોની સામે આ મેચ જીતવી એ શાનદાર છે, તેના માટે આનાથી વધુ સારી જગ્યા ન હોઈ શકે.

તેણે કહ્યું હતું કે મને નથી લાગતું કે તેનું વર્ણન કરવા માટે શબ્દો હતા, ગયા વર્ષે મારું રેન્કિંગ 500 હતું, ત્યાર બાદ મારી સર્જરી થઈ અને કોઈ આર્થિક મદદ ન હતી, તેથી છેલ્લું વર્ષ ઘણું મુશ્કેલ હતું.

# આઈવરી કોસ્ટે નાઈજીરિયાને હરાવી આફ્રિકા કપ ઓફ નેશન્સનો ખિતાબ જીત્યો

આબિદજાન, તા. 12 (એપી) : રવિવારે અહીં રમાયેલી આફ્રિકા કપ ઓફની ફાઈનલમાં સેબેસ્ટિયન હેલરના મોડા વિજયી ગોલને કારણે નાઈજીરીયા સામે 2-1થી વિજય મેળવીને આઈવરી કોસ્ટે આફ્રિકા કપ ઓફ નેશન્સ ટાઈટલ જીત્યું હતું.

હેલરે 81મી મિનિટે ક્લોઝ રેન્જમાંથી ગોલ કરીને આઈવરી કોસ્ટને ટાઈટલ અપાવ્યું હતું. આ પહેલા કેપ્ટન વિલિયમ ટ્રુઈસ્ટ એકોંગે 38મી મિનિટે હેડર ગોલ કરીને નાઈજીરિયાને 1-0ની લીડ અપાવી હતી અને તે પછી ફ્રેન્ક કેસીએ 62મી મિનિટે આઈવરી કોસ્ટ માટે પહેલો ગોલ કરીને સ્કોર 1-1ની બરાબરી પર મૂક્યો હતો. 1992 અને 2015 પછી આઈવરી કોસ્ટનું આ ત્રીજું ટાઈટલ છે. અનુભવી મિડફિલ્ડર મેક્સ ગ્રેડેલ હવે 36 વર્ષનો છે અને 2015 ચેમ્પિયનશિપમાં ટીમનો ભાગ હતો.

ગ્રેડેલે રવિવારે મેચ પછી કહ્યું હતું કે રાષ્ટ્રીય ટીમનું પ્રતિનિધિત્વ કરવું એ બધું જ છે, અને મેં જે કરીને તેનાથી તમામ આઈવરીઅન્સ માટે આનંદ લાવ્યો એ વધુ અવિશ્વસનીય છે. કદાચ મને આજે જે બન્યું તે બધું જ સમજાયું નથી, મારા મગજમાં ઘણી બધી બાબતો છે, પરંતુ મને લાગે છે કે મને તે સમજવામાં થોડો સમય લાગશે.

## સુડોકુ ૪૯૩૫ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૮ | |
| ૭ | | ૫ | ૬ | ૨ | | ૪ | | |
| ૯ | ૨ | ૧ | | ૪ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૫ | | | | ૮ | ૪ | ૧ | | ૬ |
| ૬ | | ૨ | ૫ | ૩ | | ૯ | ૪ | ૮ |
| | ૭ | ૮ | | | ૬ | | | ૫ |
| | | ૭ | | | | | | |
| | | ૯ | ૮ | | ૩ | ૭ | | |
| | ૪ | ૬ | ૭ | ૫ | ૨ | ૮ | ૩ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કૃમિ

કૃમિના દર્દીને ઠંડા, મીઠા ખોરાક, દૂધ, દહીં, ઘી, ભાજીઓ, ઠંડા પાણીથી દૂર રાખવો.

વાવડીંગ, પલાશનાં બીજ, ગંઠોડા, લીમડાના પાન, હરડે, સમ ભાગે લઈ ચૂર્ણ કરવું. દશ ગ્રામ ચૂર્ણ 200 મીલી પાણીમાં બરાબર ઉકાળી , તેમાં બે ચમચી ગોળ ભેળવી રોજ સવાર, રાત્રે પાવું.

## આજનું પંચાંગ

**તા. 13/02/2024, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1945
**વીર સંવત :** 2550 **માસ :** મહા
**તિથિ:** સુદ : ચોથ : 14:43, વરદ ચતુર્થી.
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા: 24
**નક્ષત્ર :** ઉ.ભા. : 12:36 **યોગ:** સાધ્ય
**કરણ :**બવ **રાશિ :** મીન (દ.ચ.ઝ.થ)
**દિવસ :** અશુભ, અંગારક યોગ વિનાયક ચતુર્થી શ્રી ગણેશ જયંતી, : સૂર્ય કુંભમાં : 15:44
**સુરતમાં સૂર્યોદય :** 07:12 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:34
**નવકારસી :** 08:00
**પારસી વર્ષ :** 1393, મહેર માસનો 02 જો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, શાબાન માસનો 02 જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ.
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00થી 16:30 સુધી.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** કૌટુંબિક ચિંતા સતાવે. ગુપ્ત શત્રુઓથી સાવધાન. અશાંતિજનક સમાચાર મળે.

**વૃષભ (બ.વ.ઉ.):** અટકેલાં કામમાં મદદ મળે. સંતાનોનાં કામ થાય. અચાનક આર્થિક લાભ થાય.

**મિથુન (ક.છ.ઘ.):** મહેનતનું ફળ મળશે. સામાજિક પ્રતિષ્ઠા વધે. મહત્ત્વપૂર્ણ કામ કરવાની યોજનામાં સાથ મળે.

**કર્ક (ડ.હ.):** કામકાજમાં અનુકૂળતા આનંદિત રાખશે. ભાઇ-બહેન જીવન સાથીનો સાથ મળે.

**સિંહ (મ.ટ.):** હરીફોમાં વધારો થાય. નવાં શત્રુઓથી સાવધાન રહેવું. જીવનસાથી સાથે ગરબડ રહે.

**કન્યા (પ.ઠ.ણ.):** નોકરીમાં અનુકૂળતા રહે. હાથ પરનાં કામમાં મદદ મળે. આવકમાં વધારો થાય.

**તુલા (ર.ત.):** અજ્ઞાત ભય સતાવે. જૂના રોગો પરેશાન કરશે. વાદ-વિવાદથી કામમાં વિઘ્ન આવે.

**વૃશ્ચિક (ન.ય.):** અચાનક ધનલાભ થાય. આવકનાં નવાં સાધનો ઊભાં થાય. મોજ-શોખના ધંધામાં લાભ.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** શારીરિક કષ્ટ થઈ શકે. ઘરકામ કરતાં સાવધાન રહેવું. વડીલોની સમસ્યા સતાવે.

**મકર (ખ.જ.):** આગળ કરેલા પ્રયત્નો ફળીભૂત થાય. ઉતાવળ કરવી નહીં. યાત્રા-પ્રવાસ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.):** અટકેલા નાણા છૂટા થાય. પારિવારિક વ્યવસાયમાં પ્રગતિ થાય. વાણી પર કાબૂ રાખવો.

**મીન (દ.ચ.ઝ.થ.):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. પ્રવાસમાં પ્રતિકૂળતા રહેશે.

## કોઇ પણ સાલમાં 13 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. નવા આર્થિક રોકાણમાં ધ્યાન રાખવું. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં તાલ-મેળ રાખવો પડશે. કુટુંબ-પરિવારની સમસ્યાઓ સતાવે. જવાબદારી વધે. સંતાન-વડીલોના ખર્ચા વધશે. નવા ધંધા-વ્યવસાય-નોકરીમાં ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ માટેના પ્રયત્નોમાં મિત્રોની મદદ મળે. વર્ષની શરૂઆત સંઘર્ષમય રહેશે. વારસા, જાયદાદમાં કામમાં વર્ષના મધ્યમાં પ્રગતિ થાય. વર્ષના અંતમાં નવા ફેરફારથી રાહત થાય. નવા ઘર, વાહન, મકાનના પ્રશ્નો હલ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. વિદેશનાં કામ ધીમાં પડે. યાત્રા-પ્રવાસ ધર્મ, કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં નવી યોજના પાર પડશે. નવેમ્બર-ડિસેમ્બરમાં ખર્ચા વધશે.

## શબ્દગુંફન - ૬૫૮૭ અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ■ | ૭ |
| ■ | | ■ | ૭ | ૮ | | ■ | ૯ | | |
| ૧૦ | | ૧૧ | ■ | | ■ | ૧૨ | | ■ | |
| | ■ | ૧૩ | ૧૪ | ■ | ૧૫ | | ■ | ૧૬ | |
| ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | | ■ |
| ■ | ૨૨ | | ■ | | ■ | ૨૩ | | ■ | ૨૪ |
| ૨૫ | | ■ | ૨૬ | | ૨૭ | ■ | ૨૮ | ૨૯ | |
| ■ | ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | | ■ | | ■ |
| ૩૩ | ■ | ૩૪ | | ■ | | ■ | ૩૫ | | ૩૬ |
| ૩૭ | | | ■ | ૩૮ | | | ■ | | |

**આડી ચાવી**
૧. ભમરો, આશક (૪)
૪. અવાજ, ધ્વનિ (૩)
૭. પાણી પીવાની ઇચ્છા (૩)
૯. તીવ્ર ઇચ્છા (૩)
૧૦. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૧૨. પાપ કરનારું (૨)
૧૩. કૃપા, રહેમ (૨)
૧૫. કિંમત, મૂલ્ય (૨)
૧૬. દાણાનું એક કઠોળ (૨)
૧૭. અંતરની ઉમેદ, મનોભાવ (૨)
૧૯. રિવાજ, ધારો (૩)
૨૧. ઇચ્છા, મરજી (૨)
૨૨. ભરાવદાર (૨)
૨૩. વીસ ઘા કાગળ (૨)
૨૫. જમાનો, યુગ (૨)
૨૬. કાબૂમાં રાખેલું (૩)
૨૮. પુત્ર (૩)
૩૦. સહેજ, જરા (૨)
૩૨. ચાંદીનું, રૂપાનું (૩)
૩૪. વેલ (૨)
૩૫. રસ વિનાનું (૩)
૩૭. ચર્ચા, ઝઘડો (૩)
૩૮. હિસાબની તપાસ(૪)

**ઊભી ચાવી**
૨. માથામાં નાંખવાનું એક જાતનું તેલ (૩)
૩. લીન (૨)
૪. જીભ થી માલૂમ પડતો સ્વાદ (૨)
૫. મોર (૩)
૬. પાંચમું પાતાલ (૪)
૮. દાણાદાર લોટ (૨)
૧૦. માખણ, ખુશામત (૩)
૧૧. કેફ, અભિમાન (૨)
૧૨. અંત, નિવેડો (૨)
૧૪. દોસ્ત, આશક (૨)
૧૫. શ્વાસ (૨)
૧૬. રંગ, વર્ણ (૨)
૧૮. ઢોલ નગારાં બનાવનાર (૪)
૨૦.સખી, સહેલી (૪)
૨૧.મારાપણું, મમત્વ (૩)
૨૪. રાજા (૨)
૨૭.તપાસ, કરામત (૪)
૨૯. શહેર, પુર (૩)
૩૧. ઉગ્ર, આકરું (૩)
૩૩. સૂરજ, રવિ (૨)
૩૫. તાજી તાડી (૨)
૩૬. શિક્ષા, દંડ (૨)

## અનુસંધાન... પાના પહેલાનું

### મહારાષ્ટ્રના પૂર્વ...

પટોલેને લખેલા પત્રમાં ચવ્હાણે કહ્યું કે, તેઓ પાર્ટીના પ્રાથમિક સભ્ય તરીકે રાજીનામું આપી રહ્યા છે. તેમણે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નરવેકરને ધારાસભ્ય તરીકેનું રાજીનામું પણ સુપરત કર્યું હતું.

ભોકર સીટના ધારાસભ્ય ચવ્હાણ કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય પણ હતા. તેઓ નાંદેડ લોકસભા મતવિસ્તારના ભૂતપૂર્વ સાંસદ પણ હતા.

પત્રકારો સાથે વાત કરતાં ચવ્હાણે કહ્યું કે, ''કોંગ્રેસ પાર્ટીમાં જે કંઈ પણ થઈ રહ્યું છે તેની હું જાહેર મંચ પર ચર્ચા કરવાનો નથી.''

એ પૂછવામાં આવ્યું કે શું તેઓ ભાજપમાં જોડાશે, ત્યારે ચવ્હાણે કહ્યું, ''મેં હજી સુધી ભાજપમાં જોડાવાનો કોઈ નિર્ણય લીધો નથી અને ભાજપની કાર્ય પદ્ધતિને જાણતો નથી.'' ચવ્હાણે એમ પણ કહ્યું કે કોંગ્રેસ છોડવાનો તેમનો નિર્ણય વ્યક્તિગત છે અને તેઓ તેના માટે કોઈ કારણ જણાવવા માંગતા નથી.

### ઈઝરાયેલી દળોએ...

પર ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ યુદ્ધથી બચવા ભાગીને આવ્યા હતા.

હમાસ અને ગાઝાના અન્ય આતંકવાદીઓ દ્વારા હજુ પણ 100થી વધુ બનાવેલા બંધકોને મુક્ત કરવાની ધીમી લડાઈમાં વિજય તરીકે ઈઝરાયેલમાં । દરોડાની ઉજવણી કરવામાં આવી હતી, અને ગયા વર્ષે હમાસ દ્વારા સીમા પારના હુમલાની પીડાથી હજુ પણ બહાર આવી ન શકેલા દેશના ઉત્સાહને થોડોક વધ્યાર્યો હતો. ઈઝરાયેલે રફાહને હમાસનો છેલ્લો મજબૂત ગઢ ગણાવ્યો છે અને સંકેત આપ્યા હતા કે તે ટૂંક સમયમાં શહેર પર જમીની હુમલા કરશે.

પરંતુ ગાઝામાં, જ્યાં 7 ઓક્ટોબરથી ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધી નાગરિકોને ઘણુ સહન કરવું પડ્યું છે, આ ઓપરેશને યુદ્ધ સમયની બીજો દુઃખદ બનાવ બનાવ્યો હતો, ઓપરેશનમાં ઘણા પેલેસ્ટિનિયન નાગરિકો માર્યા ગયા હતા અથવા ઘાયલ થયા હતા.

બંધકોની દુર્દશાએ ઈઝરાયેલીઓને ખૂબ જ હચમચાવી દીધા છે અને સરકારે હમાસની સૈન્ય અને શાસન ક્ષમતાઓને નષ્ટ કરવા સાથે, બાકીના ડઝનબંધ બંધકોને મુક્ત કરવાનું તેના યુદ્ધનું મુખ્ય લક્ષ્ય બનાવ્યું છે. પરંતુ યુદ્ધ તેના પાંચમા મહિનામાં પહોંચ્યુ છે ત્યારે બંધકોને મુક્ત કરાવવાનું લક્ષ્ય મુશ્કેલ લાગી રહ્યું છે અને ઈઝરાયેલમાં તેમના દુઃખનો અંત લાવવાના શ્રેષ્ઠ અભિગમને લઈને ભાગલા થયા છે.

### કતારે ભારતીય નૌકાદળના...

હતું જ્યારે સમગ્ર રાજકીય પક્ષોએ નૌકાદળના દિગ્ગજોનું ઘરે પરત આવવાનું સ્વાગત કર્યું હતું.

'ભારત સરકાર દહરા ગ્લોબલ કંપની માટે કામ કરતા 8 ભારતીય નાગરિકોની મુક્તિને આવકારે છે જેમને કતારમાં અટકાયતમાં લેવામાં આવ્યા હતા', એમ મંત્રાલયે કહ્યું હતું.

'તેમાંથી આઠમાંથી સાત ભારત પરત ફર્યા છે. અમે કતાર રાજ્યના આમીર દ્વારા આ નાગરિકોની મુક્તિ અને તેમને વતન પરત આવવા માટે સક્ષમ બનાવવાના નિર્ણયની પ્રશંસા કરે છે', એમ મંત્રાલયે નિવેદનમાં કહ્યું હતું.

કતારમાંથી મુક્ત થયેલા આઠ ભારતીય નાગરિકોઃ કેપ્ટન (નિવૃત્ત) નવતેજ ગિલ અને સૌરભ વશિષ્ઠ, કમાન્ડરો (નિવૃત્ત) પૂર્ણેન્દુ તિવારી, અમિત નાગપાલ, એસ કે ગુપ્તા, બી કે વર્મા, અને સુગુનાકર પાકલા અને નાવિક રાગેશ.

દસ્તાવેજથી સંબંધિત અમુક કામ બાકી રહેતા કમાન્ડર તિવારી દોહામાં જ રોકાયા છે અને ટૂંક સમયમાં ભારત પરત આવે તેવી શક્યતા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

### વડા પ્રધાન...

જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત બાદ 14 ફેબ્રુઆરીએ કતારના દોહા જશે, એમ ક્વાત્રાએ જણાવ્યું હતું.

### બિહારમાં નીતીશ...

પસાર થયો હોવાનું જાહેર કર્યા પછી હાજર સભ્યોની સંખ્યા ગણવાનો આદેશ આપ્યો હતો.

એનડીએ, જેમાં જેડી(યુ), ભાજપ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીનો એચએએમ અને એક અપક્ષ ધારાસભ્યનો સમાવેશ થાય છે, 243ના સભ્યોવાળી વિધાનસભામાં 128નું સંયુક્ત સંખ્યાબળ હતું. જો કે, તેની પાસે આરજેડીના 3 ધારાસભ્યો, પ્રહલાદ યાદવ, ચેતન આનંદ અને નીલમ દેવીનો ટેકો પણ હતો જેઓ શાસક પક્ષ તરફ ગયા હતા.

આ પહેલાં ગૃહે આરજેડીના અવધ બિહારી ચૌધરીને અધ્યક્ષ પદેથી હટાવવા માટે ઠરાવ પસાર કર્યો હતો. તેમનો પક્ષ સત્તામાંથી બહાર થયો ત્યારબાદ અવધ બિહારીએ પોતાના પદેથી રાજીનામું આપવાથી ઈન્કાર કરતા એનડીએ દ્વારા તેમની વિરૂદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો.

જ્યારે તેજસ્વી યાદવે તેમના પક્ષના ત્રણ ધારાસભ્યોને શાસક પક્ષની બેન્ચમાં બેસેલા જોયા ત્યારે તેમણે વ્યવસ્થાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

ત્રણેય સભ્યોએ એનડીએની સાથે અવિશ્વાસ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું, જેને 125 ધારાસભ્યોએ સમર્થન આપ્યું હતું અને 112 લોકોએ વિરોધ કર્યો હતો.

### દિલ્હી ડાયરી...

આમંત્રણ આપવામાં આવ્યું ન હતું? અયોધ્યામાં ભૂતકાળના એકમાત્ર અગ્રણી ચહેરાઓ ઉમા ભારતી અને સાધ્વી ઋતંબરા હતા, જ્યારે બાદમાં લોકો સાથે ઉત્સાહપૂર્વક વાતચીત કરી, ઉમા ભારતી મોટા ભાગે તેમની સીટ પર શાંતિથી બેઠેલી જોવા મળી હતી. સમારંભના દિવસો પહેલા ભગવાન રામની સાથે વડા પ્રધાન મિસ્ટર નરેન્દ્ર મોદીના લાઇફ-સાઇઝ કાર્ડબોર્ડ કટઆઉટ એરપોર્ટથી મંદિર સુધીના માર્ગમાં ઊભા કરવામાં આવ્યા હતા. વૃદ્ધ ગાર્ડ સંપૂર્ણપણે ગુમ થઈ ગયો. ખરેખર ગાર્ડ ઓફ ચેન્જ છે.

#### મિસ્ટર નીતીશ કુમાર પર તેજસ્વી યાદવને સીએમ બનાવવાનું ભારે દબાણ હતું

બિહારના મુખ્યમંત્રી મિસ્ટર નીતીશ કુમાર ફરી એક વખત રાજનીતિક કલાબાજી કરતા પહેલા જાણતા હતા કે તેઓ બારુદના ઢગલા પર બેઠા છે. જનતા દળ(યુ)ના વડા તરીકે મિસ્ટર લલન સિંહ અને બળવાખોર મિસ્ટર ચંદ્રશેખર યાદવને શિક્ષણ પ્રધાન તરીકે હાંકી કાઢવાથી સમસ્યા હલ થઈ શકી નથી. મિસ્ટર કુમાર અધવચ્ચે જ ફસાઈ ગયા હતા, તેમની અડધી પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા અને તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન મિસ્ટર તેજસ્વી યાદવને ચૂંટણી પહેલાં મુખ્ય પ્રધાન બનાવવા માટે દબાણ કરી રહી હતી અને બાકીનો અડધો પક્ષ ફરી એકવાર ભાજપ સાથે ફરી જોડાવા આતુર હતો. રાજકારણમાં કોઈ કાયમી દુશ્મનો હોતા નથી તેવા ગૃહ પ્રધાન મિસ્ટર અમિત શાહની અજીબ ટિપ્પણી સાથે ભાજપે જાણીજોઈને અફવાઓને હવા આપી હતી. પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પ્રતીક મિસ્ટર કર્પૂરી ઠાકુરને, મિસ્ટર નીતીશ કુમારના માર્ગદર્શક, ભારત રત્નથી સન્માનિત કરવાના ભાજપના પગલા પાછળ એક ચિંતિત આરજેડીને શંકા છે. સામાન્ય રીતે બોલતા મિસ્ટર કુમારને તેમના સલાહકારો દ્વારા જાહેરમાં વિવેક જાળવવા વિનંતી કરવામાં આવી હતી. તેથી તે મુજબ, મિસ્ટર કુમાર તેમની શૈલી અનુરૂપ એક મહિનાથી વધુ સમય સુધી તેમનું 'મૌન વ્રત' રાખ્યું હતું.

#### રાષ્ટ્રીય પક્ષ છોડીને મિલિંદ દેવરાને રાજકીય રીતે શું ફાયદો થશે?

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન મિસ્ટર એકનાથ શિંદેના સાંસદ પુત્ર શ્રીકાંત શિંદેએ સ્વર્ગસ્થ મુરલી દેવરાના નમ્ર પુત્ર અને કોંગ્રેસના નેતા મિલિંદ દેવરાને લાવવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી. જેઓ મુંબઈ સાથે ખભેખભા મિલાવીને ચાલે છે, જેઓ વરિષ્ઠ શિંદેની આગેવાની હેઠળના શિવસેના જૂથમાં જોડાઈ ગયા. ડોક્ટર અને બે વખત સાંસદ રહી ચૂકેલા જુનિયર શિંદેએ તેમના પિતાને સમજાવ્યા કે જો મિલિંદ દેવરાને પાર્ટી તરફથી રાજ્યસભાની ટિકિટ મળે તો તેનાથી દિલ્હીમાં તેમના સેનાના જૂથની પ્રોફાઇલમાં વધારો કરશે. આ એટલા માટે હતું કારણ કે, તેમને લાગ્યું કે જુનિયર દેવરા દિલ્હીમાં પણ નોંધપાત્ર રાજકીય દબદબો ધરાવે છે. તે આશ્ચર્યજનક ચાલ હતી. તે એક મિલિયન ડોલરનો પ્રશ્ન છે કે, રાષ્ટ્રીય પક્ષ છોડીને એક પ્રાદેશિક પક્ષના નવા જૂથમાં જોડાવાથી મિલિંદ દેવરાને રાજકીય રીતે શું ફાયદો થશે.